રોજિંદી થાળીથી પોટલક પાર્ટી ...

દિવાળીની ઉજાણી પણ “વિગન” આહાર સાથેજ!

દિવાળી આવે એટલે તરેહ તરેહની મીઠાઈઓ ખાવા માટે મન લલચાય પણ જે લોકો વિગન બની ગયા છે તેઓ દૂધ, ઘી, માખણ, પનીર, મધ, દુધનો માવો સહિતના પ્રાણીજન્ય પદાર્થોનો ઉપયોગ નથી કરતા, તો તેઓ કેવા પ્રકારની સ્વિટ્સ દિવાળીમાં પોતે પણ ખાતા હશે કે મહેમાનોને પીરસતા હશે તે સવાલ દરેકને થતો જ હોય છે. તેઓ સ્વિટ્સમાં દૂધ, પનીર, ઘીનો ઉપયોગ કરે છે પણ તે શેમાંથી બનાવે છે, વિગન લોકો પણ દૂધની ચા તો પીવે છે તો તે દૂધ શેમાંથી બનતું હોય છે, તેઓ પિઝા, બર્ગર પણ ખાય છે અને તેઓની પણ પોટલોક પાર્ટી થાય છે તેમાં પણ સ્વાદિષ્ટ પકવાનો હોય છે. તમને જાણીને નવાઈ લાગશે કે વિગન લોકો રેસ્ટોરન્ટમાં જાય ત્યારે તેઓ પોતાની સાથે લાવેલા વિગન ચીઝ, બટર રેસ્ટોરન્ટના શેફને આપીને પોતાના માટે વિગન ચીઝ બર્ગર, વિગન પિઝા બનાવડાવતા હોય છે. ચાલો દિવાળી નિમિત્તે તેઓ વિગન મીઠાઈમાં અને ફૂડમાં શું ખાતા હોય છે અને તેઓનું દિવાળી સેલિબ્રેશન કેવું હોય છે તે વિશે....

વિગન લોકોની દિવાળીમાં પણ થાય પોટલક પાર્ટી

સુરત સિટીમાં વિગન લોકોનું એક વોટ્સએપ ગ્રુપ બન્યું છે. તેઓ મહિને કે બે મહિને એકવાર પોટલક પાર્ટી કરતા હોય છે. દિવાળી પ્રસંગે પણ આવી પાર્ટી કરતા હોય છે. ગ્રુપના કોઈ એક વ્યક્તિના ઘરે કે નક્કી કરેલી કોઈ એક જગ્યા પર બધા વિગન ફ્રેન્ડ્સ ભેગા થાય છે અને તેઓ પોત પોતાના ઘરે બનાવેલા વિગન વ્યંજન જેમકે, કાજૂના દહીંનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા દહીં વડા, કાજુ કતરી, પનીર બટર મસાલા, પાલક પનીર ઉપરાંત ગુજરાતી ફેવરિટ નાસ્તા જેમકે, ખમણ, ઢોકળાનો સ્વાદ લેતા હોય.

દિવાળી પર્વ પર મોટાભાગે ઘરે સ્વિટ્સ બનાવે

રવિરાજ પટેલ અને તેમના વાઈફ વર્તિકા 2018થી વિગન છે. તેમણે જણાવ્યું કે, મને માઈગ્રેન, એસીડીટી, લેઝીનેસ જેવી તકલીફો થતી, જેનું નિરાકરણ શોધતો હતો. એ દરમિયાન મને વિગનીઝમની ખબર પડી મને જાણવા મળ્યું કે દૂધ મારા માટે હાનિકારક છે. મેં મિલ્ક પ્રોડક્ટ્સનું સેવન બંધ કર્યું અને મને રાહત મળી. મારા ઘરમાં મારી વાઈફ અને 13 વર્ષની દીકરી પણ વિગન છે. અમે રાજસ્થાની છીએ તો દાલ બાટી, દાલ ચૂરમામાં ઘી નાખીએ. વિગન હોવાથી ઘી ખાવાનું મન થાય તો સનફલાવર, પમ્પકીન વગેરે સિડ્સમાંથી બનેલું ઘી ખાઈએ છે. બનાના શેક બનાવવા હોમમેડ કોકોનટ મિલ્કનો ઉપયોગ કરીએ. દિવાળી પ્રસંગ પર કીન્વાની ખીર, ડ્રાય ફ્રૂટ્સ લડ્ડુ, ખજૂર પાક બનાવીએ. બહારથી કાજુ કતરી મંગાવીએ કેમકે, તે વિગન જ હોય છે. ફટાકડા ફોડવાનું પસંદ નથી કરતા. દિવાળીના દિવડા પ્રગટાવીએ તેમાં તેલ યુઝ કરીએ.

દિવાળીની વાનગીમાં કીન્વા ખીર, પાઈનેપલ અને મેંગો ચીઝકેક

વિગન પીપલ દિવાળીના વ્યંજનમાં બદામના દૂધમાંથી કીન્વા ખીર બનાવતા હોય છે. પાઈનેપલ, મેંગો ચીઝકેકમાં ક્રીમી ટેક્સચર માટે કાજુ અને કોકોનટનો બેઝ હોય. કોકોનટના લાડુ, કાજુ કતરી, ડ્રાયફ્રૂટ્સ લાડુમાં સ્વીટનેસ માટે ખજૂર અને ગોળનો ઉપયોગ કરાય છે. મહેમાનોને દહીં વડા પણ પીરસાય છે. તેમાં દહીં સીંગદાણા અને કાજુનું બને છે. ફેસ્ટિવલમાં વિગન ઘારીનું પણ સુરતીઓને આકર્ષણ રહે છે.

વર્ષના 300 દિવસ વિગન આઈસ્ક્રીમ ખાવામાં આવે છે

સુકેશ અગ્રવાલ 9 વર્ષથી વિગન બન્યા છે. તેમના વાઈફ, દીકરો પણ તથા માતા-પિતા પણ વિગન બન્યા છે. તેમણે જણાવ્યું કે 9 વર્ષ પહેલાં મેં એક રિલ જોઈ હતી ગાય પર આ અત્યાચારની. જે જોયા બાદ તેમણે એનિમલના દૂધ આધારિત પ્રોડક્ટ ખાવાનું બંધ કર્યું. અમારા ઘરમાં વર્ષમાં 365માંથી 300 દિવસ વિવિધ ફ્લેવર્સની વિગન આઈસ્ક્રીમ ખાવામાં આવે છે. તેમના મમ્મી પપ્પા રોજ કાજૂના પેસ્ટમાંથી બનતી ચા પીવાના શોખીન છે. ડાર્ક ચોકલેટ વિગન ચોકલેટ હોય છે. કાજુ કતરી 99% વિગન હોય છે. કાજુ કતરી થાળી ઉપર ઘી ચોપડીને બનાવાય તો તેવી કાજુ કતરી પણ વિગન પીપલ નથી ખાતા. તેમણે જણાવ્યું કે વિગન પીપલ બને ત્યાં સુધી ફટાકડા ફોડવાનું પસંદ નથી કરતા કેમકે તેનાથી વાયુ પ્રદુષણ થતું હોય. બાળકો ફુલઝડી જેવા ફટાકડા ફોડે. દિવાળી પર મોટાભાગે વિગનમાં આવે તેવી મીઠાઈઓ જેવી કે, કાજુ કતરી, અંજીર પાત્રા, કાજુ કેસર કતરી, મેંગો પાત્રા, ડ્રાયફ્રૂટ્સ કટલેટ, ખજૂર પાક, અંજીર પાક મીઠાઈની દુકાનો પરથી મેળવીએ.

પિઝા, બર્ગર, ટોફુ ચીલી પણ વિગન પીપલ એન્જોય કરે

દિવાળીમાં રજાઓ હોવાને કારણે રેસ્ટોરન્ટમાં જઈને અલગ અલગ પ્રકારનું ફૂડ એન્જોય કરવાનું પસંદ કરાતું હોય છે. વિગન પીપલ પ્લાન્ટ બઝડ ફૂડ વધારે એન્જોય કરતા હોય છે. તેઓ દિવાળી કે અન્ય પ્રસંગો પર રેસ્ટોરન્ટમાં જાય તો ત્યાં વિગન ચીઝ બર્ગર, વિગન ચીઝ નાચોસ, વિગન ચીઝ પિઝા, વિગન ચીઝ ફ્રેંકી, ટોફુ ચીલી, વિગન હોટ ચોકલેટ બદામના મિલ્ક સાથે, વિગન ચીઝ પાસ્તા, વિગન ચીઝ ગાર્લીક બ્રેડ, વિગન છોલે ભટૂરે પણ એન્જોય કરે છે. તેઓ ઘરેથી વિગન ચીઝ, બટર સાથે લઈ જતા હોય.

વિગન ઘીથી દીવા પ્રગટાવે

સુરત સિટીમાં વિગન પ્રોડક્ટની શોપ્સ છે પણ તેમાં વિગન ઘી નથી મળતું તે અમદાવાદથી ઓનલાઈન મંગાવું પડે છે. સુરતમાં વિગન બટર, ચીઝ, પનીર વિગન પ્રોડક્ટ વેચતી શોપ્સમાંથી મળી જાય છે. તેઓ દિવાળીમાં વિગન ઘીનો ઉપયોગ કરીને દીવા પ્રગટાવે છે.

બદામ,કાજુ, ઓટ્સ, કોકોનટના દૂધની ચા ગેસ્ટને પીવડાવે

દિવાળી કે અન્ય ફેસ્ટિવલ્સ કે માત્ર શુભેચ્છા મુલાકાત માટે ઘરે આવતા મહેમાનોને વિગન લોકો બદામ, કાજૂ, ઓટ્સ, કોકોનટના દૂધની ચા પીવડાવે છે. પાણીમાં પલાળેલા કાજૂને ગ્રાઈન્ડ કરી તેને દૂધ વગરની ઉકાળેલી ચામાં એડ કરતા એટલે સરસ મજાની ચા બની જતી હોય છે.

કાજુ કતરી, પત્તાની ડિઝાઈન વાળી કેન્ડલ્સથી દિવાળીનો ઝગમગાટ વધશે

બસ હવે દિવાળીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરતીઓ ઘર સજાવટની ડેકોરેટિવ આઈટમ્સ જેમકે, આકર્ષક અને યુનિક તોરણ, વૉલ પીસ, ડેકોરેટિવ દીવા અને કેંડલ્સની ખરીદીમાં વ્યસ્ત થઈ ગયા છે. આ વખતે તો ઘર જાણે ભારતીય મીઠાઈઓથી સજાવવામાં આવેલા દેખાશે. તો મીઠાઈની ડિઝાઈન અને યુનિક શેપની કેવી કેંડલ્સ, દિવાની ડિમાન્ડ આ દિવાળી પર થઈ રહી છે તે અહીં જાણીએ...

કોકોનટ શેલ કેન્ડલ ફેલાવે છે સુગંધ

આ દિવાળી પર કોકોનટ શેલ કેન્ડલની ડિમાન્ડ જોવા મળી રહી છે. આવી કેન્ડલ-દિવા પર્યાવરણને અનુકૂળ અને દેખાવે આકર્ષક છે. તે સોય વેક્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. આ દિવાઓમાં એસેન્શિયલ ઓઈલની સુગંધ ઉપરાંત ફૂલની પાંખડીઓ અને તજ, લવિંગ જેવા મસાલા કે નેચરલ એલિમેન્ટ્સ ઉમેરાય છે. તેને પ્રગટાવવામાં આવે તો રોશની પણ ફેલાય અને વાતાવરણ પણ સુગંધીત બને.

યુનિક પ્લેઇંગ કાર્ડ ડિઝાઇનની ક્રિએટિવ કેંડલ્સ

કાર્ડ રોયલ સેન્ટેડ ઉર્લી એ હાથથી બનાવેલી અને ટેબલ પર મૂકી શકાય એવી સુંદર સુગંધિત કેન્ડલ ડેકોર આઈટમ છે. જેનો ઉપયોગ ઘરની સજાવટ, પાર્ટી અને ગિફ્ટિંગ માટે થાય છે. આમાં પ્લેઈંગ કાર્ડઝથી પ્રેરિત આકર્ષક અને ક્રિએટિવ કેન્ડલ એલિમેન્ટ્સ આપવામાં આવ્યા છે. આ સેટ સ્ટાઈલિશ ડેકોરેટિવ ટ્રેની સાથે આવે છે. જેથી ટેબલના સેન્ટર પીસ તરીકે ગોઠવવું ખૂબ સરળ બને છે. તે ગિફ્ટિંગ માટે અને લિવિંગ રૂમ, ઓફિસ, થીમ પાર્ટી જેવા પ્રસંગો માટે બેસ્ટ છે.

આ મીઠાઈઓ નહીં પણ સ્વિટ્સ ડિઝાઈનની કેન્ડલ છે

હવે તો દિવાળી પર ઘરના આંગણાને, બાલ્કનીને આકર્ષક શેપના દિવા કે યુનિક ડિઝાઈનની કેન્ડલસથી ઝગમગવામાં આવે છે. રસગુલ્લા, કાજુ કતરી, જલેબી, મોતીચૂરના લાડુ, ગુલાબ જામુન મીઠાઈ જેવી જ દેખાય તેવી કેન્ડલ્સની દિવાળી માટે ડિમાન્ડ વધી છે. આ કેન્ડલ્સ પણ સોય વેક્સમાંથી બનાવાય છે. ઢોકળા કેન્ડલમાં તો સ્પંજી ટેક્સચર, યેલો કલર અને કાળી રાઈના દાણા પણ મીણથી બનાવાય છે.

‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઇ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઇ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઇ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઇએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..

શેફ સાહેબ સાવધાન, હવે કેમેરો છે મહેરબાનઃ કરશો જો રસોઈમાં ગરબડ, તો થશો ભારે હેરાન...

ક્યાં પહેલા ગંદકીના ગોટાળા અને ફસાયા છે હવે તમામ રેસ્ટોરન્ટ સીસીટીવી કેમેરામાં...હોટલવાળાના છૂપા ખેલ હવે પરદા પર દેખાશે, રસોડાના રહસ્યો બધા ફૂલ HD માં ઝિલાશે...! ચમચી ક્યાં પડી ને તેલ કેટલું જૂનું-વાસી છે, કેમેરો ટાંપીને બેઠો, સરકાર પણ હવે ખાસી છે...! વંદો કે માખી હવે દાળમાં છૂપી ડૂબકી નહિ મારી શકે, શેફ પણ હવે નાક લૂછીને રોટલી નહિ વણી શકે...! ગ્રાહક થાળી સામે બેસીને નવી સીરિયલ જેવો શો જોશે, પનીર તળતા ને વઘાર કરતા રસોઈયાને લાઈવ જોશે... ‘લાઈવ કિચન’નો જાદુ ચાલ્યો, ચોખ્ખાઈનું રાજ થશે, ટીવી પર જોતાં જોતાં જમવાનું હવે હસતાં મોંએ હજમ થશે...!

સુરતના હાર્દ સમાન ‘મુગલીસરા’ વિસ્તારમાં આવેલી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC)ની ધમધમતી કચેરી જે ‘તાપી ભવન’તરીકે આજે આધુનિક વહીવટનું કેન્દ્ર છે. પરંતુ, શું તમે જાણો છો કે સદીઓ પહેલાં આ ઈમારત મોગલ સામ્રાજ્યનું એક ભવ્ય મુસાફરખાનું હતું? આ વર્તમાન કચેરી તેના પાયામાં ૧૭મી સદીનો એક રોમાંચક અને સમૃદ્ધ ઈતિહાસ છુપાવીને બેઠી છે.....

મોગલ સરાય: પવિત્ર મક્કા-મદીનાના મુસાફરખાનાથી લઈને આધુનિક મ્યુનિસિપલ કચેરી સુધીની સફર

ઈ.સ. ૧૬૪૪માં મોગલ બાદશાહ શાહજહાંના શાસનકાળ દરમિયાન આ ભવ્ય ઈમારતનું નિર્માણ ‘મુસાફરખાના’ (ધર્મશાળા કે સરાય) તરીકે કરવામાં આવ્યું હતું. તેનું બાંધકામ ઈસાક બેગ યઝદી દ્વારા કરાયું હતું, જેઓ શરૂઆતમાં બેગમ મુમતાઝ મહેલના પરિવારના મુખ્ય સુરક્ષા રક્ષક હતા અને પાછળથી તેમને ‘હકીકત ખાન’નો ખિતાબ મળ્યો હતો. તે સમયે સુરત મોગલ સામ્રાજ્યનું સૌથી સમૃદ્ધ અને વ્યસ્ત બંદર હતું. મક્કા-મદીનાની પવિત્ર હજ યાત્રાએ જતા યાત્રાળુઓ માટે આ મુખ્ય પ્રસ્થાનબિંદુ હોવાથી, આ સરાય ખાસ કરીને તેમના આરામ અને રોકાણ માટે બનાવવામાં આવી હતી.

આ ઈમારત ઈન્ડો-ઈસ્લામિક સ્થાપત્ય કળાનું ઉત્તમ ઉદાહરણ છે. સરાયના ઉપયોગ અંગેના કડક નિયમો એક શિલાલેખ પર કોતરવામાં આવ્યા હતા. આ શિલાલેખ મુજબ, આ મકાન સર્વશક્તિમાન અલ્લાહના નામે બંધાયું હતું. અહીં રોકાણ કરવા આવતા વિદ્વાનો, ધાર્મિક વ્યક્તિઓ અને હજ યાત્રાળુઓ પાસેથી કોઈ જ ભાડું લેવામાં આવતું ન હતું. વધુમાં, અહીં શાહી સૈનિકોને રોકાવા પર સખત પ્રતિબંધ હતો. સામાન્ય મુસાફરો પાસેથી જે ભાડું ઉઘરાવવામાં આવતું, તેનો ઉપયોગ ઈમારતની જાળવણી, ચોકીદારો અને સફાઈ કામદારોના પગાર તેમજ પ્રાણીઓના ઘાસચારા માટે થતો હતો. આ તમામ ખર્ચ કાઢ્યા પછી જે રકમ વધતી, તે મક્કા-મદીના જતા યાત્રાળુઓને દાનમાં આપી દેવામાં આવતી હતી.

૧૮મી સદીના અંત ભાગમાં મોગલ સામ્રાજ્ય નબળું પડ્યું અને સુરત પર સ્થાનિક નવાબોનું શાસન આવ્યું. અંતે, ઈ.સ. ૧૮૦૦ની આસપાસ સુરતનો સંપૂર્ણ વહીવટ અને સત્તા બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાથમાં આવી ગયા. આ સત્તા પરિવર્તનની સાથે જ ‘મોગલ સરાય’ ની આ ભવ્ય ઈમારત પર અંગ્રેજોનો કબજો થઈ ગયો અને તેની ઓળખ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. શાંતિપૂર્ણ મુસાફરખાનાને બદલે અંગ્રેજોએ આ મજબૂત ઈમારતનો ઉપયોગ શસ્ત્રોના સંગ્રહ (શસ્ત્રાગાર) અને ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે રાજકીય કેદીઓને રાખવા માટે જેલ તરીકે કર્યો. ૨૩ એપ્રિલ ૧૮૫૨ના રોજ કલેક્ટર રોજર્સે સુરત મ્યુનિસિપાલિટી (જે તે સમયે ‘સુધરાઈ’ તરીકે ઓળખાતી)ની સ્થાપના કરી હતી. ત્યારબાદ, ઈ.સ. ૧૮૬૪માં સુરત સુધરાઈના પ્રમુખ શ્રી સી.સી. હોમ્સે આ સરાયની ભવ્યતાને ધ્યાનમાં રાખીને તેને મ્યુનિસિપાલિટીની મુખ્ય કચેરી તરીકે ઉપયોગમાં લેવાનો નિર્ણય કર્યો. આ કચેરી બનાવવા માટે ઈમારતનું નવીનીકરણ કરાયું અને બ્રિટિશ શૈલીનું ‘ક્લોક ટાવર’ (ઘડિયાળનો ટાવર) પણ ઊભું કરવામાં આવ્યું. ઈ.સ. ૧૮૬૭થી આ સરાયનો સુરત મ્યુનિસિપાલિટીની કચેરી તરીકે કાયમી ઉપયોગ શરૂ થયો.

વર્ષ ૧૯૪૭માં જ્યારે ભારત આઝાદ થયું અને અંગ્રેજોએ દેશ છોડ્યો, ત્યારે બ્રિટિશ સરકાર હસ્તકની આ ઈમારત સ્વાભાવિક રીતે જ સ્વતંત્ર ભારતની સ્થાનિક સરકાર (સુરત મહાનગરપાલિકા - SMC) ના હસ્તક આવી ગઈ.

આજે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની આ મુખ્ય કચેરી ભૂતકાળ અને વર્તમાનનો અદ્ભુત સંગમ છે. જે ઈમારત ક્યારેક હજ યાત્રાળુઓની દુઆઓથી ગુંજતી હતી, તે આજે લાખો સુરતીઓના નાગરિક વહીવટનું ધમધમતું કેન્દ્ર બની ગઈ છે

આજે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની આ મુખ્ય કચેરી ભૂતકાળ અને વર્તમાનનો અદ્ભુત સંગમ છે. જે ઈમારત ક્યારેક હજ યાત્રાળુઓની દુઆઓથી ગુંજતી હતી, તે આજે લાખો સુરતીઓના નાગરિક વહીવટનું ધમધમતું કેન્દ્ર બની ગઈ છે. મોગલ સ્થાપત્ય અને આધુનિક શાસનનું આ મિલન સુરતના ગૌરવશાળી વારસાની જીવંત સાક્ષી પૂરે છે.

મોગલ સરાયના નિર્માણ અને તેના કડક નિયમો દર્શાવતો અસલ શિલાલેખ આજે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય (અગાઉનું પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ) માં સુરક્ષિત રીતે સાચવવામાં આવ્યો છે.